	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૫/૦૩/૨૦૨૨ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૫૪૧/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૨	૦	૧૩૨	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૫	૦	૧૦૦૬૮૫	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦	૪,૪૩,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧	૧૧,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

વાહન ચોર ઇસમને ઝડપી લેતી સર્વેલન્સ સ્કોડ ટીમ શાહપુર પોલીસ સ્ટેશન

માનનીય પોલીસ કમિશ્નર સા. શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા શરીર અને મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ પોકેટકોપ મોબાઇલ, CCTV કેમેરાના માધ્યમથી શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે સિનિયર તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર શાહપુર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ એસ.આર.બલાત નાઓ સર્વેલન્સ સ્કોડના સ્ટાફ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન નાગોરીવાડ ચોકી પાસે આવતા પો.સ.ઈ એસ.આર.બલાત તથા અ.પો.કો. યુનુસખાન મુનાવરખાન બ.નં.૮૬૫૪ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે રંગીલા ચોક આગળ આરોપી મોહમદ રોહાન સ/ઓ ઉસ્માનગની ઉર્ફે ગુલઝારભાઈ શેખ ઉ.વ.૨૧ ધંધો.મજુરી રહે.૨૬૪૪-એ, ચીનાઈગરાની પોળ, શાહપુર વડ પાસે, અમદાવાદ શહેર હાલ રહે. પહેલો માળ, એફ.કે.૪, ફલેટ, અલખેબર ડુપ્લેક્ષની પાછળ, અંબર ટાવર કેનાલ પાસે, જુહાપુરા, વેજલપુર, અમદાવાદ શહેર નાને એક હોન્ડા હોરનેટ મો.સા. GJ.27.BF.9989 ની જેનો ચેસીસ નં.ME4KC238JG8002245 તથા એંજીન નં. KC23E80091235 નાનો છે જેની આશરે કિ. રૂ.૪૦,૦૦૦/- ગણી શકાય જે મુદ્દામાલ સાથે મળી આવતા સદરી પાસે મો.સા. ના આધાર પુરાવા માંગતા ગલ્લા-તલ્લા કરતો હોય જે મો.સા. ની પોકેટકોપ મોબાઇલ ફોન મા સર્ચ કરાવતા સદર મો.સા. આરોપીએ છળકપટ અથવા ચોરી કરી મેળવેલ હોવાનુ જણાતા સદરીને કડકાઈથી પુછતા સદર મો.સા. સાતેક દિવસ પહેલા નવરંગપુરા લો ગાર્ડન આગળથી ચોરી કરી મેળવેલ હોવાનુ જણાવતા હોય જે મળી આવેલ મો.સા. પંચનામા વિગતે સી.આર.પી.સી. ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરી સદરી આરોપી ને તા.૨૪/૦૩/૨૦૨૨ ના કલાક ૦૦/૫૦ વાગે સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ ટીમ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ

(૧) શ્રી આર.એચ.વાળા સિનિયર પોલીસ ઇન્સ્પેકટર,શાહપુર પો.સ્ટે. માર્ગદર્શન અને સુચના
(૨) શ્રી પી.જે.ચુડાસમા સેકન્ડ પોલીસ ઇન્સ્પેકટર, શાહપુર પો.સ્ટે. માર્ગદર્શન અને સુચના
(૩) પો.સ.ઈ એસ.આર.બલાત સર્વેલન્સ સ્કોડ (૪) મ.સ.ઈ રણજીતસિંહ તખતસિંહ
(૫) મ.સ.ઈ ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ (૬) અ.હે.કો. નૌશાદઅલી ઉસ્માનમીયા
(૭) પો.કો. યુનુસખાન મુનાવરખાન (૮) પો.કો પ્રીયવદન મનુભાઈ (૯) પો.કો. કૃષ્ણસિંહ ભરતસિંહ
(૧૦) પો.કો.જયેશકુમાર જયરામભાઈ (૧૨) લો.ર.વનરાજ ભરતભાઈ (૧૩) પો.કો. ગીરીશકુમાર પુંજાલા (૧૪) પો.કો. જીગ્નેશ ભવાનભાઈ (૧૫) પો.કો. કિરણસિંહ પ્રવીણસિંહ(૧૬) પો.કો પ્રવીણસિંહ દેવેંદ્રસિંહ

શોધાયેલ ગુનો

નવરંગપુરા પો. સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૬૨૨૦૨૫૨/૨૦૨૨ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

ગુનો કરવાની એમ.ઓ

ડુપ્લીકેટ ચાવી વડે લોક ખોલી

આરોપી નો ગુનાહીત ઇતિહાસ

(૧) શાહપુર પો.સ્ટે ફર્સ્ટ. ગુ.નં-૪૭/૧૫ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ
(૨) શાહપુર પો.સ્ટે ફર્સ્ટ. ગુ.નં-૦૮/૧૬ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ
(૩) શાહપુર પો.સ્ટે ફર્સ્ટ. ગુ.નં-૦૯/૧૬ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ



પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ઘરફોડ ચોરી જેવી મિલકત સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમને મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં ઘરફોડચોરી જેવી મિલકત સબંધિત પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી આર.એમ.ઝાલા નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટેમાં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં મિલકત ચોરી જેવા દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા રફીકભાઈ વલીમહંમદભાઈ જાતે મિરાસી ઉ.વ.૨૮ ધંધો.મજુરીકામ રહે.મ.નં.૧૭૪/૧૦ ઈન્દીરાનગરી ગફુર બસ્તી ખેડા કેમ્પની પાછળ તા.જી.ખેડા નાઓ વિરૂદ્ધમાં ઘણા ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની ઘરફોડચોરી જેવી મિલકત સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંકઃ પીસીબી/ડીટીએન/પાસા/૨૭૯/૨૦૨૨ તા.૨૪/૦૩/૨૦૨૨ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકાયતીને પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

પાસા અટકાયતીનું નામ સરનામુ

રફીકભાઈ વલીમહંમદભાઈ જાતે મિરાસી ઉ.વ.૨૮ ધંધો.મજુરીકામ રહે.મ.નં.૧૭૪/૧૦ ઈન્દીરાનગરી ગફુર બસ્તી ખેડા કેમ્પની પાછળ તા.જી.ખેડા

પાસા અટકાયતી વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાઓ

નારોલ પો.સ્ટે પાર્ટ એ-ગુ.ર.નં.૪૦૪/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ
વટવા પો.સ્ટે પાર્ટ એ.ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૮૨૧ ૦૧૯૯/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ
નારોલ પો.સ્ટે પાર્ટ એ.ગુ.ર.નં ૧૧૧૯૧૦૬૫૨૨ ૦૦૮૫૧/૨૦૨૨ ધી ઇ.પી.કો કલમ ૩૮૦ મુજબ

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી

આર.એમ.ઝાલા પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૪૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૨૧૫ લીટર દેશી દારૂ અને ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૬૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૪૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૧૦ વ્યક્તિઓની અને પાસા મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૫૪૪/૨૦૨૨**

કાગડાપીઠઃ નીતીનકુમાર ખેમચંદભાઇ પરમાર (ઉ.વ.૪૭) (રહે. શ્રી વત્સ એપાર્ટમેન્ટ મંગલપાર્ક સોસાયટી પાસે કાંકરીયા રોડ) એ તા.૨૪/૦૩/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૩/૨૦૨૨ કલાક ૧૦/૦૦ થી તા.૨૪/૦૩/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કાંકરીયા લખનઉ જલેબીની સામે ગુજરાતી મ્યુનિસિપલ શાળા નંબર- ૪ ના બિલ્ડીગમાં લોખંડની જાળી ફેન્સીંગનાં સળીયા કાપી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સીસીટીવી કેમેરા અને લાઈટ વાયરીંગ વગેરે તોડી નાંખી પહેલા માળે 'ધી મ્યુનિ. એમ્પ્લોઈઝ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાંય સોસાયટી લી.' નાં રેકર્ડ રૂમમાંથી ધાબળા તેમજ નોટબૂક અંદાજીત કિંમત રૂપિયા ૯૮,૦૦૦/- તેમજ સ્કુલનાં બાળકો માટેનાં લાકડાનાં નાના ટેબલ (ઢાળીયા) નક્શાનાં ચાર્ટ, લાઈબ્રેરીનાં પુસ્તકો વગેરે અંદાજીત કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૫૪૫/૨૦૨૨**

નિકોલઃ ભરતભાઇ નારાયણદાસ પરમાર (ઉ.વ.૬૬) (રહે.પ્રાર્થના એક્ઝોટીકા શ્યામવિલા-૨ સામે નિકોલ-નરોડા રોડ નિકોલ) તા.૨૩/૦૩/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે નિકોલ ડીમાર્ટ હરીદર્શન રોડ સાઇ હેવન ફ્લેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભરતભાઈ પરમારના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભરતભાઇ પરમારે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૪૬/૨૦૨૨**

ખોખરાઃ ચિરાગભાઇ અમરતભાઇ દેસાઇ (ઉ.વ.૩૬) (રહે. પ્રેમા ઉકાની ચાલી બાલભવન ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૩/૨૦૨૨ બપોરના ૩/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી બી.એન.પટેલ ચલાવે છે.

નારોલઃ કૌશીક રાજુભાઇ સેનમા (ઉ.વ.૧૯) (રહે. ઉમંગ ફલેટ રંગોલીનગર નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૩/૨૦૨૨ રાતના ૯/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.